# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-02-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM – સેવા તીર્થ ભવન ઉદ્ઘાટન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી પ્રધાનમંત્રી કચેરી `સેવાતીર્થ' સંકુલનાં નામનું અનાવરણ કરશે. ત્યારબાદ સાંજે છ વાગ્યે સેવાતીર્થ અને કર્તવ્ય ભવન-એક તેમજ બેનું ઉદ્ઘાટન પણ કરશે. પ્રધાનમંત્રી જાહેર કાર્યક્રમને સંબોધન કરશે. બંને કર્તવ્ય ભવનમાં કેન્દ્ર સરકારના મંત્રાલયોના નવા કાર્યાલય હશે. અત્યારે પીએમઓ અને મંત્રીઓની ઓફિસ નોર્થ, સાઉથ બ્લોકમાં છે. આ બંને ઇમારત 105 વર્ષથી દેશમાં સત્તાનું કેન્દ્ર મનાતી રહી છે. અહીં 1921થી સરકારી વિભાગોના કામકાજ ચાલે છે.

---------------------------------------------------------------------------------

## વિધાનસભા ઉપાધ્યક્ષ ચૂંટણી

ગુજરાત વિધાનસભાના આગામી સત્ર પહેલા વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી યોજાશે. આગામી 16 તારીખે યોજાનારી આ ચૂંટણી માટે વિધાનસભા દ્વારા સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. ઉમેદવારોએ આજે બપોરે 12 વાગ્યા પહેલા ચૂંટણી માટે ઉમેદવારીપપત્ર ભરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ જેઠા ભરવાડે ઉપાધ્યક્ષ પદ પરથી રાજીનામું આપતા તે જગ્યા ખાલી પડી હતી.

---------------------------------------------------------------------------------

## વિશ્વ રેડિયો દિવસ

આજે વિશ્વ રેડિયો દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. ૧૯૪૬માં સંયુક્ત રાષ્ટ્ર રેડિયોની સ્થાપનાની યાદમાં દર વર્ષે ૧૩ ફેબ્રુઆરીએ આ દિવસ ઉજવવામાં આવે છે.

આ વર્ષની થીમ છે "રેડિયો અને કૃત્રિમ બુદ્ધિ: **AI** એક સાધન છે, અવાજ નહીં." વિશ્વ રેડિયો દિવસ 2026 ની ઉજવણી માટે, છત્તીસગઢના આકાશવાણી રાયપુર, યુનેસ્કોના સહયોગથી, આજે વિશ્વ રેડિયો દિવસ કોન્ક્લેવનું આયોજન કરી રહ્યું છે. આ કોન્ક્લેવ સત્તાવાર થીમ પર કેન્દ્રિત છે અને રેડિયો પ્રસારણના મૂળમાં માનવ અવાજને જાળવી રાખીને **AI** કેવી રીતે સામગ્રી નિર્માણ, પ્રેક્ષકોની સંલગ્નતા અને સુલભતાને મજબૂત બનાવી શકે છે તેના પર ચર્ચા કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## <u>સરહદ ડેરી સર્કલ લોકાર્પણ – અંજાર</u>

અંજાર ખાતે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે અંજાર ખાતે એપીએમસી નજીક કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ લિમિટેડ- સરહદ ડેરી દ્વારા નવનિર્મિત સરહદ ડેરી સર્કલનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઇ આર. હુંબલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સરહદ ડેરી સર્કલ અંજારના વિકાસની સાથે શોભામાં વધારો કરશે તેમ તેઓએ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## <u>માંડવી સ્થાપના દિવસ</u>

કચ્છનાં પ્રાચિન બંદરીય માંડવી શહેરના 446 માં સ્થાપના દિનની ઉજવણી થઈ રહી છે. ઐતિહાસિક જાણકારી મુજબ કચ્છના રાજવી ખેંગારજી એ વિક્રમ સંવત 1636 એટલે કે ઇ.સ. 1580 ના મહા વદ અગિયારસના દિને નગરની સ્થાપના કરી હોવાનું માનવામાં આવે છે. માંડવી સાગરી વેપારમાં સમૃદ્ધ હતું. 84 દેશોના વાવટા બંદરે ફરકતા હતા. આજે નગરના સ્થાપના દિનની ઉજવણીનો આરંભ નગરની સ્થાપના સૂચવતી ખીલી પૂજન અને તોરણ વિધિ સાથે થશે. સાંજના ભાગમાં સાહિત્યિક કાર્યક્રમ યોજાશે.

---

## અકસ્માત

માંડવી ભુજ ધોરીમાર્ગ ઉપર મોટા આસંબીયા ગામ પાસે ગત મધરાતે બાઈક અને કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ગેસ સંચાલિત ગાડીમાં આગ લાગી હતી, જ્યારે મોટર સાયકલ રોડથી નીચે પડી ગઈ હતી. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા બે યુવકના મૃત્યુ થયા હતા, જ્યારે બાઈક પર સવાર ત્રીજા યુવાનને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતના પગલે કારમાં લાગેલી આગ બુઝાવવા ફાયર વિભાગની ટીમ પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો. અકસ્માતના બનાવ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

---

## T-20 વિશ્વ કપ

ટી 20 વિશ્વ કપની મેચમાં ભારતે નામિબિયાને 93 રને હરાવી બીજી સફળતા મેળવી છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ પરની મેચમાં  ભારતે પ્રથમ દાવ લઇ નવ વિકેટે 209 રન કર્યા હતા. જેમાં ઈશાન કિશનના 61 અને હાર્દિક પંડ્યાના 52 રન મુખ્ય હતા. 210 રનના વિજયી લક્ષ્યાંક સામે નામિબિયાની ટીમ 116 રન કરતા 93 રને પરાજય ખમવો પડ્યો હતો. વરુણ ચક્રવર્તીએ સૌથી વધુ 3 વિકેટ ઝડપી હતી.

---

## બોર્ડ ગુજકેટ પરીક્ષા સમીક્ષા

ગાંધીનગરમાં ગુજરાત માધ્યમિક અન ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા આગામી બૉર્ડ અને ગુજકેટની પરીક્ષા માટે બેઠક યોજાઈ. તેમાં શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાએ અધિકારીઓ સાથે સંવેદનશીલ કેન્દ્ર, પ્રશ્નપત્ર મોકલવા અને તેના મૂલ્યાંકન અંગે સમીક્ષા કરી. તેમજ પોલીસ બંદોબસ્ત અને અર્ધલશ્કરી દળ, માર્ગ પરિવહન વિભાગ સાથે સમયસર બસ મળવા અંગે સૂચન આપ્યા હતા.

રાજ્યમાં આ વખતે 15 લાખ 27 હજારથી વધુ વિદ્યાર્થીઓ આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થતી ધોરણ 10 અને 12 બૉર્ડની પરીક્ષા આપશે.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી અમદાવાદ મુલાકાત

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આવતીકાલ 14 અને 15 ફેબ્રુઆરી એમ બે દિવસ માટે અમદાવાદની મુલાકાતે આવશે. તેઓ આ મુલાકાત દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. આ મુલાકાતે ધ્યાને પોલીસ કમીશનર દ્વારા નો-ડ્રોન ફ્લાઇંગ ઝોન અગેનો જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

---